Extra No. 318

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **TUESDAY, SEPTEMBER 2, 2025 / BHADRA 11, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી સપ્ટેમ્બર, ૨૦૨૫

તારીખ: ૨જી **સપ્ટેમ્બર, ૨૦૨૫ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં** અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા **સન ૨૦૨૫**ના **ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૯** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,
સરકારના નાયબ સચિવ.

GUJARAT BILL NO. 19 OF 2025.

THE GUJARAT MEDICAL PRACTITIONERS' (AMENDMENT)

BILL, 2025.

A BILL

further to amend the Gujarat Medical Practioners' Act, 1963.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે :-

સન ૨૦૨૫નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૯.

ગુજરાત વૈદ્યક વ્યવસાયીઓનું (સુધારા) વિધેયક, ૨૦૨૫.

ગુજરાત વૈદ્યક વ્યવસાયીઓનો અધિનિયમ, ૧૯૬૩ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના છોંતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત વૈદ્યક વ્યવસાયીઓનો (સુધારા) અધિનિયમ, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૧૯૬૪નો ગુજરાતનો ૬૬ો.

સન ૧૯૬૪ના ગુજરાતના ૬૬ા અધિનિયમની કલમ ૨નો સુધારો.

૨. ગુજરાત વૈદ્યક વ્યવસાયીઓનો અધિનિયમ, ૧૯૬૩ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨માં, પેટા-કલમ (૧)માં, ખંડ (ગ) પછી, નીચેનો ખંડ ઉમેરવો:-

"(ગક) "કાઉન્સિલ" એટલે આ અધિનિયમ હેઠળ સ્થપાયેલી અને રચાયેલી ગુજરાત આયુર્વેદિક અને યુનાની ચિકિત્સા પદ્ધતિ કાઉન્સિલ.".

સન ૧૯૬૪ના ગુજરાતના ૬૬ા અધિનિયમમાં "બોર્ડ" એ શબ્દને બદલે "કાઉન્સિલ" એ શબ્દ મૂકવા બાબત.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨ની પેટા-કલમ (૧)ના ખંડ (ગ) અને કલમ ૪૦માં હોય તે સિવાય, "બોર્ડ" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય, ત્યાં તેને બદલે, "કાઉન્સિલ" એ શબ્દ મૂકવો.

ઉદ્દેશો અને કારણો

રાજ્ય સરકારે, ગુજરાત રાજ્યમાં, આયુર્વેદિક અને યુનાની ચિકિત્સા પદ્ધતિના વ્યવસાયીઓની લાયકાતોનું નિયમન કરીને અને તેમના રજિસ્ટ્રેશન માટેની જોગવાઇ કરીને અને સામાન્ય રીતે તબીબી વ્યવસાયીઓને લગતી ચોક્કસ જોગવાઇઓ કરીને કાયદાને એકત્રિત કરવા અને સુધારો કરવા માટે ગુજરાત વૈદ્યક વ્યવસાયીઓનો અધિનિયમ, ૧૯૬૩ અધિનિયમિત કરેલો છે.

નેશનલ કમિશન ફોર ઇન્ડિયન સિસ્ટમ ઓફ મેડિસિન અધિનિયમ, ૨૦૨૦થી, ભારતીય ચિકિત્સા પદ્ધતિ કેન્દ્રીય કાઉન્સિલ અધિનિયમ, ૧૯૭૦ રદ કરવામાં આવ્યો છે. સદરહુ કેન્દ્રીય અધિનિયમની કલમ ૨(૫)થી, કોઇ રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં ભારતીય ચિકિત્સા પદ્ધતિના વ્યવસાયીઓની પ્રેકટિસ અને તેમના રજિસ્ટ્રેશનનું નિયમન કરવા માટે તે રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં તત્સમયે અમલમાં રહેલા કોઇ કાયદા હેઠળ રચાયેલી ભારતીય ચિકિત્સા પદ્ધતિની રાજ્ય વૈદ્યક કાઉન્સિલની વ્યાખ્યા માટેની જોગવાઇ કરી છે અને સદરહુ કેન્દ્રીય અધિનિયમની કલમ ૧૮થી, (ક) આયુર્વેદ બોર્ડ; (ખ) યુનાની, સિદ્ધ અને સોવા-રિગ્પા બોર્ડ (ગ) ભારતીય ચિકિત્સા પદ્ધતિ માટેના વૈદ્યક મૂલ્યાંકન અને રેટિંગ બોર્ડ; અને (ઘ) ભારતીય ચિકિત્સા પદ્ધતિ માટેની આચાર સંહિતા અને રજિસ્ટ્રેશન બોર્ડ જેવા સ્વાયત્ત બોર્ડની રચના માટેની જોગવાઇ કરી છે.

હવે, ભારત સરકારની સૂચનાઓ અનુસાર, "બોર્ડ"એ શબ્દ ફક્ત ઉપર્યુક્ત ચાર બોર્ડ માટે જ ઉલ્લેખ કરી શકાય અને રાજ્યમાંના આયુર્વેદિક અને યુનાની વ્યવસાયીઓની પ્રેક્ટિસ અને તેમના રજિસ્ટ્રેશન માટેની

નિયમનકારી સંસ્થાને, આયુર્વેદિક અને યુનાની ચિકિત્સા પદ્ધતિઓ માટેની રાજ્ય વૈદ્યક કાઉન્સિલ તરીકે ઉલ્લેખવી જોઈશે; અને તેથી, "બોર્ડ" એ શબ્દને બદલે, "કાઉન્સિલ" એ શબ્દ મૂકીને ગુજરાત વૈદ્યક વ્યવસાયીઓનો અધિનિયમ, ૧૯૬૩માં યોગ્ય સુધારા લાવવાનું જરૂરી જણાયું છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સન ૧૯૬૪નો સદરહુ રાજ્ય અધિનિયમ સુધારવા ધાર્યું છે.

ઋષિકેશ પટેલ,

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકથી, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણી માટેની જોગવાઈ કરી છે:-

કલમ ૧.- આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૧લી સપ્ટેમ્બર, ૨૦૨૫ **ઋષિકેશ પટેલ.**

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. એમ. લાલા,

ગાંધીનગર, ગુજરાત સરકારના સચિવ,

તારીખ: ૨જી સપ્ટેમ્બર, ૨૦૨૫. વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.09.23 12:40:28 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar